### આણંદ શહેરમાં વરસાદી પાણી ઓસરતા ગંદકીના ગંજ, મહાનગરપાલિકાની ૪૫ ટીમ 'વોર ફૂટિંગ' પર ગોઠવાઇ

# આણંદમાં મેઘવિરામ બાદ હવે રોગચાળાનો ખતરો

**કરમસદ-આણંદ** મનપા દ્વારા ઘરે-ઘરે સર્વે અને દવાનો છંટકાવ શરૂ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

આણંદ શહેરમાં ત્રણ દિવસના અનરાધાર વરસાદ બાદ હવે મેઘરાજાએ વિરામ લીધો છે, પરંતુ અસલી પડકાર હવે શરૂ થયો છે. રસ્તાઓ પરથી પાણી ઓસરતાની સાથે જ ઠેર-ઠેર ગંદકી અને કાદવના ગંજ ખડકાયા છે, જેણે સંભવિત રોગચાળાની ભીતિ જન્માવી છે. આ સ્થિતિને પહોંચી વળવા કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર વિસ્તારમાં 'યુદ્ધના ધોરણે' સફાઈ અને આરોગ્ય લક્ષી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

કરમસદ - આણંદ મનપાના આરોગ્ય અધિકારી ડો. રાજેશ પટેલના જણાવ્યા મુજબ, વરસાદી પાણી ઉતરતા જ 45થી વધુ ટીમોને મેદાનમાં ઉતારવામાં આવી છે. આ ટીમો દ્વારા ગેમેક્સિન અને બ્લીચિંગ પાવડરનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય ટીમો ઘરે-ઘરે જઈને સર્વે કરી રહી છે અને લોકોને જનજાગૃતિ પૂરી પાડી રહી છે. અત્યાર સુધીમાં 530 ઘરોનો સર્વે કરવામાં આવ્યો છે, જેમાં 1220 પાત્રોની તપાસ કરતા 54 પાત્રોમાં મચ્છરોના પોરા (લાર્વા) મળી આવતા તેનો તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો.

આ સર્વે દરમિયાન આરોગ્યની ગંભીર સ્થિતિ સામે આવી છે. કુલ 162 સ્થળોએ ક્લોરીનની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ચોંકાવનારી રીતે 102 સેમ્પલ પોઝિટિવ મળી આવ્યા છે. સર્વે દરમિયાન ઝાડાના 16, શરદી-ખાંસીના 45 અને તાવના 31 દર્દીઓ મળી આવ્યા છે. આ ઉપરાંત, મચ્છરના ઉપદ્રવને રોકવા માટે 150 ઘરોમાં ફોગિંગ અને 17 સ્થળોએ મલેરિયા ઓઈલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### આણંદ-કરમસદ મનપા દ્વારા 'સુપર ક્લોરીનેશન' યુક્ત પાણી અપાશે

આણંદ-કરમસદ મનપાના કમિશનરની સૂચના અને માર્ગદર્શન હેઠળ, ચોમાસાની ઋતુમાં નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે તમામ વિસ્તારોમાં સુપર ક્લોરીનેશનયુક્ત પાણી વિતરણ કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રક્રિયામાં પાણીમાં ક્લોરીનનું પ્રમાણ ૦.૫ (પાંચ) પીપીએમ રાખવામાં આવે છે, જે પાણીમાં રહેલા હાનિકારક બેક્ટેરિયા અને વાયરસનો નાશ કરવામાં સક્ષમ છે. વરસાદી માહોલમાં પાણીની લાઈનોમાં થતા સામાન્ય લિકેજને કારણે જંતુઓ પેદા થવાની અને તે દ્વારા સીઝનેબલ બીમારીઓ ફેલાવાની શક્યતા રહેલી હોય છે, જેને અટકાવવા માટે આ સુપર ક્લોરીનેશન પદ્ધતિ અત્યંત અસરકારક નીવડશે. આ શુદ્ધ પાણીના ઉપયોગથી ટાઈફોઈડ, કમળો, કોલેરા, મરડો અને ઝાડા-ઉલટી જેવા ગંભીર પાણીજન્ય રોગોથી બચી શકાય તેમ હોવાથી, મહાનગરપાલિકા દ્વારા નગરજનોને પીવા માટે આ જ પાણીનો ઉપયોગ કરવા અથવા ઉકાળીને પાણી પીવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### કરમસદ-આણંદ મનપાના કમિશનરે જળનિકાલના સ્થળોની કરી સમીક્ષા

કરમસદ-આણંદ મનપા કમિશનરે ટીમ સાથે વિવિધ તળાવો અને પંપીંગ સ્ટેશનોની મુલાકાત લઈ જળનિકાલની વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. વરસાદના વિરામ બાદ નિરીક્ષણ દરમિયાન પાણીના પ્રવાહમાં અવરોધ રૂપ કચરાની તાત્કાલિક સફાઈ કરવા અને કુંડીઓ સાફ રાખવા અધિકારીઓને કડક સૂચના આપી હતી. રામપુરા વિસ્તારમાં પાણીના માર્ગમાં કચરો ન ફેંકવા અને માત્ર ડસ્ટબિન કે કચરા ગાડીનો જ ઉપયોગ કરવા નગરજનોને નમ્ર અપીલ કરી હતી. મેયર અને અન્ય પદાધિકારીઓની હાજરીમાં યોજાયેલી આ તપાસનો મુખ્ય હેતુ વરસાદી પાણીના નિકાલ દ્વારા નાગરિકોની હાલાકી દૂર કરવાનો છે.

### કરમસદ-આણંદ મનપાની સમયસૂચકતાથી મોટી જાનહાનિ ટળી

# કરમસદમાં સ્થળાંતરના બીજા જ દિવસે મકાનની દીવાલ ધરાશાયી

**જર્જરીત** મકાનોમાંથી ૧૦૨ લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરાયું

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

આણંદ અને કરમસદ વિસ્તારમાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને મનપા દ્વારા જનહિતમાં સુરક્ષાના કડક પગલાં લેવામાં આવ્યા છે. મનપાની ટીમે શહેરના વિવિધ ભયજનક વિસ્તારોમાં રહેતા ૧૦૨ નાગરિકોને સલામત સ્થળે ખસેડી સંભવિત હોનારતને અટકાવી છે. જોકે, આ કામગીરી દરમિયાન કરમસદમાં ખાલી કરાયેલા મકાનની દિવાલ બીજા દિવસે જ પડી હતી. જેથી મોટી જાનહાની ટળી હતી.

આણંદમાં ભારે વરસાદને પગલે ભયજનક અને જર્જરીત મકાનોમાં રહેતા લોકોની સુરક્ષા માટે મનપાની ટીમ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૦૨ વ્યક્તિઓને તેમની અનુકૂળતા મુજબના સલામત સ્થળોએ સફળતાપૂર્વક સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. ખાસ કરીને કરમસદ ગામતળ વિસ્તારમાં, અગાઉ નોટિસ આપવા છતાં મકાન ખાલી ન કરનારા લોકોને ભારે સમજાવટ બાદ સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

આ કામગીરી સમયસૂચક સાબિત થઈ હતી, કારણ કે સ્થળાંતર કરાવ્યાના બીજા જ દિવસે સવારે તે મકાનની દીવાલ અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. જોકે, આગોતરા આયોજનથી જાનહાની ટળી હતી.

### આણંદમાં ૧૦ ટીમો દ્વારા એક જ દિવસમાં ૧૭ ટન કચરાનો નિકાલ કરાયો

કરમસદ - આણંદ મનપા કમિશનરની સૂચનાથી ૧૦થી વધુ ટીમો અને ૧૭ ટ્રેક્ટરો દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને સોસાયટીઓમાં યુદ્ધના ધોરણે સઘન સફાઈ હાથ ધરાઈ છે. વરસાદી પાણી ઓસરતા જ નીચાણવાળા વિસ્તારોમાંથી પ્લાસ્ટિક અને અન્ય ૧૭ ટન જેટલો કચરો એકઠો કરી તેને સુરક્ષિત રીતે નિકાલ અર્થે લેન્ડફિલ સાઈટ પર મોકલી અપાયો છે. શહેરમાં રોગચાળો ન ફેલાય તે હેતુથી સફાઈ બાદ સમગ્ર વિસ્તારમાં જંતુનાશક દવાઓ અને પાવડરનો સઘન છંટકાવ કરવામાં આવી રહ્યો છે. મનપા કમિશનરે નગરજનોને કચરો ખુલ્લામાં ન ફેંકવા અને કચરાગાડીનો જ ઉપયોગ કરી શહેરને સ્વચ્છ અને રોગચાળા મુક્ત રાખવા માટે સહયોગ આપવા અપીલ કરી છે.

# આણંદ: કાનોડ તળાવનું વધારાનું પાણી કાસમાં ટ્રાન્સફર કરાયું

**રહેણાંક વિસ્તારોમાં** પાણી ભરાવાની સમસ્યાના પગલે મનપા દ્વારા કામગીરી હાથ ધરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

આણંદ-કરમસદ મનપા વિસ્તારમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભરાવાને કારણે નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે તંત્ર દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. મનપા કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ કાનોડ તળાવના પાણીના નિકાલ માટે તાત્કાલિક અને યુદ્ધના ધોરણે પગલાં લેવામાં આવ્યા છે.

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં આવેલા કાનોડ તળાવમાં શહેરની સ્ટોર્મ વોટર લાઈન મારફતે આશરે ૫૦ ટકા જેટલું વરસાદી પાણી એકત્રિત થાય છે. ભારે વરસાદની સ્થિતિમાં આ તળાવ ઓવરફ્લો થવાની શક્યતાને કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ શકે છે. આ સંભવિત જોખમને ટાળવા માટે મનપા તંત્ર દ્વારા પમ્પિંગ સ્ટેશનને પૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત કરવામાં આવ્યું છે.

તળાવના પાણીના ઝડપી નિકાલ માટે પમ્પિંગ સ્ટેશન પર ૫૦ એચપીના બે પંપ ઉપરાંત, ૧૨૫ HP અને ૧૦ HP ની ઉચ્ચ ક્ષમતા ધરાવતી મોટરો અને મેન્યુઅલી ડીઝલ પંપ સ્થાપિત કરવામાં આવ્યા છે.

આ આધુનિક સાધનોની મદદથી તળાવનું વધારાનું પાણી ખંભાત તરફ જતા કાસ (નાળા) માં ટ્રાન્સફર કરવામાં આવી રહ્યું છે. આ કામગીરીથી સ્થાનિક રહીશોને પાણી ભરાવાની સમસ્યામાંથી કાયમી છુટકારો મળશે.

# લુણાવાડાની એક જ રાતમાં ચાર મકાનોના તાળા તૂટ્યાં

**મરણ પ્રસંગે** બહાર ગયેલા નિવૃત્ત શિક્ષકના ૧.૩૦ લાખના દાગીના ચોરાયાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૬

લુણાવાડા શહેરમાં આવેલી પુષ્પમવિલા સોસાયટીમાં તસ્કરોએ પોલીસ પેટ્રોલિંગના ધજાગરા ઉડાવ્યા છે. ગત રાત્રિ દરમિયાન તસ્કરોએ એકસાથે ચાર બંધ મકાનોને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપતા ચકચાર મચી ગઈ છે. આ ચોરીમાં નિવૃત્ત શિક્ષકના મકાનમાંથી 1.30 લાખના દાગીનાની ચોરી કરી હતી. આ અંગે લુણાવાડા પોલીસે ગુનો નોંધ્યો હતો.

લુણાવાડાના પુષ્પમવિલા સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષક ભારતસિંહ સોલંકી 22મી જુલાઈના રોજ પત્ની સાથે વતનમાં મરણ પ્રસંગમાં ગયા હતા. આ દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનની તિજોરીમાંથી એક લાખની કિંમતનું અઢી તોલાનું સોનાનું ડોકિયું, 20 હજારની સોનાની બુટ્ટી અને 10 હજારના ચાંદીના છડા મળી કુલ 1.30 લાખની મત્તાની ચોરી કરી હતી. આ ઘટનાની જાણ તેમના ભાણેજે રાત્રિના સમયે ફોન દ્વારા કરી હતી.

આશ્ચર્યજનક બાબત એ છે કે, ચોરોની હિંમત એટલી વધી ગઈ હતી કે તેમણે આ જ સોસાયટીમાં રહેતા હિતેન્દ્રકુમાર પટેલ, હર્ષિતાબેન પટેલ અને ચીરાગભાઈ પંચાલના બંધ મકાનના તાળા પણ તોડ્યા હતા. આ મામલે લુણાવાડા પોલીસ મથકે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદમાં વીજ કંપનીને ૧૫ લાખનો ઝાટકો ૬૭ વીજપોલ ધ્વસ્ત, ૪ ટીસીને નુકશાન થયું

**જીલ્લામાં અનેક** ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો, કેટલાક સીમ વિસ્તારોમાં હજુ પણ પણ અંધારપટ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

આણંદ જિલ્લાના આઠેય તાલુકાઓમાં છેલ્લા બે દિવસ દરમિયાન વરસેલા સતત અને ભારે વરસાદે વીજ વિતરણ વ્યવસ્થાને ભારે ફટકો પહોંચાડ્યો છે. વરસાદના કારણે એમજીવીસીએલને મોટું નુકસાન પહોંચતાં જિલ્લામાં અનેક ગામો અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ આણંદ જિલ્લામાં કુલ ૬૭ વીજપોલ ધરાશાયી અથવા ક્ષતિગ્રસ્ત થયા છે, જ્યારે ૪ ટ્રાન્સફોર્મર (ટીસી) સ્ટ્રક્ચરને પણ નુકસાન પહોંચ્યું છે. સમગ્ર સર્વે મુજબ વીજ કંપનીને અંદાજે ૧૫ લાખથી વધુનું આર્થિક નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

આણંદ જિલ્લામાં ભારે વરસાદથી વીજ લાઈનો અને પોલ પર તેની સીધી અસર જોવા મળી હતી. એમજીવીસીએલ વર્તુળ કચેરી હેઠળના વિવિધ પેટા વિભાગોમાં કરાયેલા સર્વેમાં ૨૩ હાઈ ટેન્શન (એચટી) અને ૪૪ લો ટેન્શન (એલટી) વીજપોલ ધરાશાયી કે ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયાનું બહાર આવ્યું છે. પરિણામે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો અચાનક બંધ થઈ જતાં ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

સૌથી વધુ અસર આંકલાવ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી હતી. અહીં છ જેટલા ગામોમાં વીજપોલ જમીનદોસ્ત થતાં સમગ્ર વિસ્તારનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. વરસાદ વચ્ચે કલાકો સુધી વીજળી ગુલ રહેતાં રહેણાંક વિસ્તારો ઉપરાંત ખેતીવાડી અને પશુપાલન સાથે સંકળાયેલા લોકો પણ મુશ્કેલીમાં મુકાયા હતા.

વીજ કંપનીને નુકસાનની જાણ થતાં જ ઈલેક્ટ્રિશિયન, હેલ્પરો અને કર્મચારીઓની ટીમોને જરૂરી સાધનસામગ્રી સાથે તાત્કાલિક મોકલવામાં આવી હતી. પડી ગયેલા વીજપોલ ઊભા કરવા, ક્ષતિગ્રસ્ત પોલ બદલવા અને તૂટેલી વીજલાઈનોનું સમારકામ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

એમજીવીસીએલના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામા આવ્યો છે. તેમ છતાં હજુ પણ ૫ હાઈ ટેન્શન અને ૧૦ લો ટેન્શન વીજપોલ ઊભા કરવાની કામગીરી ચાલુ છે. ઉપરાંત ક્ષતિગ્રસ્ત થયેલા ૪ ટીસી સ્ટ્રક્ચરમાંથી ૨નું સમારકામ પૂર્ણ થતાં સંબંધિત વિસ્તારોમાં વીજ પુરવઠો ફરી શરૂ કરવામાં આવ્યો છે, જ્યારે બાકીના સ્ટ્રક્ચર પર કામગીરી ચાલુ છે.

કેટલાક દૂરના ખેતર સીમ વિસ્તારોમાં પાણી ભરાવા અને વાહનવ્યવહારની મુશ્કેલીઓને કારણે સમારકામની કામગીરી ધીમી પડી છે. પરિણામે કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં ત્રીજા દિવસે પણ વીજ પુરવઠો પુનઃસ્થાપિત થઈ શક્યો નથી.

# આંબા સાચવવા રાખેલા પિતા પુત્રએ જ જમીન પચાવી પાડી

**કપડવંજ ટાઉન** પોલીસે ઝગડુપુરના બે શખ્સો સામે કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૬

કપડવંજ તાલુકાના ઝગડુપુર ગામમાં જમીન વેચ્યા બાદ તે જ જમીન પર ગેરકાયદેસર કબજો જમાવનાર પિતા-પુત્ર સામે ખેડા કલેક્ટરના હુકમથી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

કપડવંજના શિવમ પાર્કમાં રહેતા જશવંતભાઈ પટેલે વર્ષ 2019માં ઝગડુપુર ગામના રાવજીભાઈ ભુલાભાઈ મહેરા પાસેથી સર્વે નંબર 23 પૈકીની જમીન દસ્તાવેજ કરીને ખરીદી હતી. આ જમીનમાં આંબાનું વાવેતર કરેલું હોવાથી અને જશવંતભાઈ હોટલના વ્યવસાયમાં વ્યસ્ત રહેતા હોવાથી, તેમણે આંબા સાચવવાનું કામ જમીન વેચનાર રાવજીભાઈને જ સોંપ્યું હતું. જોકે, ગત ઓગસ્ટ 2025માં જ્યારે જશવંતભાઈ જમીન પર દીવાલ બનાવવાની કામગીરી માટે ગયા ત્યારે રાવજીભાઈ અને તેમના પુત્ર વિજયભાઈએ બદદાનત રાખી ઉગ્ર બોલાચાલી કરી હતી અને 'આ જમીન હવે અમારી છે' તેમ કહી માલિકને ત્યાં આવવાની મનાઈ કરી દીધી હતી.

આ ગેરકાયદેસર કબજા અંગે જશવંતભાઈએ ખેડા કલેક્ટર કચેરીમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ અરજી કરી હતી. તપાસ બાદ કલેક્ટરે ફરિયાદીની તરફેણમાં હુકમ કરતા, કપડવંજ ટાઉન પોલીસે રાવજીભાઈ મહેરા અને વિજયભાઈ મહેરા સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લુણાવાડા હોસ્પિટલમાં અંધારપટ જોતા લાઈટિંગ વધારવા તાકીદ કરાઇ

**હોસ્પિટલમાં** દર્દીઓના માર્ગદર્શન માટે સાઈન બોર્ડ લગાવવા કલેક્ટરની સુચના

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૬

મહીસાગર જિલ્લાના નાગરિકોને આરોગ્યલક્ષી સુવિધાઓ સત્વરે મળી રહે અને આપત્તિના સમયે વહીવટી તંત્ર સજ્જ રહે તે સુનિશ્ચિત કરવા જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના

ભાગરૂપે કલેક્ટરે તાજેતરમાં લુણાવાડા જનરલ હોસ્પિટલની રાત્રિ દરમિયાન આકસ્મિક મુલાકાત લીધી હતી.

લુણાવાડા હોસ્પિટલમાં મધરાતે પહોંચેલા કલેક્ટરે ઈમરજન્સી વિભાગ અને દર્દીઓની સારવારની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન હોસ્પિટલમાં કેટલાક સ્થળોએ અંધારપટ જોવા મળતા તેમણે તાત્કાલિક લાઈટિંગની સુવિધા વધારવા અને દર્દીઓને સરળતા રહે તે માટે સાઈનિંગ બોર્ડ લગાવવા સૂચના આપી હતી. આ ઉપરાંત, ચોમાસાના માહોલમાં રાત્રિના સમયે પ્રસૂતિના કેસમાં લેવાતી કાળજી અંગે પણ તેમણે તબીબો સાથે પૂછપરછ કરી હતી. આ મુલાકાતમાં તેમની સાથે નિવાસી અધિક કલેક્ટર અને પ્રાંત અધિકારી પણ જોડાયા હતા.

બીજા દિવસે કલેક્ટરે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રની મુલાકાત લીધી હતી. ચોમાસાની ઋતુને ધ્યાને રાખી તેમણે ૨૪ કલાક ચાલી રહેલા મોનિટરિંગ, રેસ્ક્યુ ઓપરેશન માટેની સાધન-સામગ્રીની સજ્જતા અને રાહત કામગીરીની સમીક્ષા કરી સ્ટાફને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કલેક્ટરની આ આકસ્મિક મુલાકાતોને પગલે જિલ્લાના આરોગ્ય અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગના કર્મચારીઓ વધુ એલર્ટ બન્યા છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225